# RAJKOT MUNICIPAL CORPORATION

# RAJKOT

## E-TENDER: RMC/WW/2024-25

## VOL – 1 (TECHNICAL BID)

**: NAME OF WORK :**

**TWO YEARS RATE CONTRACT OF ELECTRICAL REPAIRING & ELECTRICAL MATERAIL SUPPLY WORK FOR DIFFERENT ZONE OF WATER MANAGEMENT UNIT (RE-TENDER)**

| Milestone Dates for e-Tendering | | |
|---|---|---|
| 1. | Downloading of e-Tender documents | 02-01-2025 to 16-01-2025 up to 18:00 hrs |
| 2. | Online submission of e – Tender and other documents required as per Financial and Experience criteria | Bidders shall have to post their queries if any on e-mail kskharadi@rmc.gov.in on or before date 09-01-2025. |
| 3. | Submission of EMD, Tender fee by Regd. Post / Speed Post. | 23-01-2025 up to 18:00 hrs |
| 4. | Opening of online tender (Tech. Bid) | 24-01-2025 up to 18:00 hrs |
| 5. | Verification of submitted documents (EMD, e-Tender fee, etc.) | 27-01-2025 (If possible) |
| 6. | Agency to remain present in person along with original documents for verification | 29-01-2025 (If possible) |
| 7. | Opening of Price Bid (If possible) | 01-02-2025 (If possible) |
| 8. | Bid Validity | 120 days. |
| For further particulars, visit us on (1) www.rmctender.nprocure.com (2)www.rmc.gov.in | | |

Add. City Engineer
C/o Deputy Executive Engineer
Central Zone (Room No. 6),
Water Management Unit
Dr. Ambedkar Bhavan,
Rajkot Municipal Corporation
Dhebarbhai Road,
Rajkot -360001

**Rajkot Municipal Corporation**
**Water Management Unit**

***e-Tender Notice***

Rajkot Municipal Corporation, Water Management Unit, Central Zone, Dr. Ambedkar Bhavan, Rajkot-360001 invites e-Tender with two bid system to pre-qualify the experienced contractors for Two Years Annual Rate Contract for the work of Electrical repairing and material supply for different zones of Water Works and Drainage Department as detailed below:

| Sr. No. | Description of Work | Tender Amount<br>1 Year Amount<br>Tender Fee<br>Earnest Money Deposit |
|---|---|---|
| 1. | Two Years Rate Contract of Electrical Repairing & Electrical Material Supply for different zones of Water Management Unit. (RE-TENDER) | Rs. 28,00,000/-<br>Rs. 14,00,000/-<br>Rs. 1875/-<br>Rs. 28,000/- |

| **Milestone Dates for e-Tendering** | | |
|---|---|---|
| 1. | Downloading of e-Tender documents | 02-01-2025 to 16-01-2025 up to 18:00 hrs |
| 2. | Online submission of e - Tender | Bidders shall have to post their queries if any on e-mail kskharadi@rmc.gov.in on or before date 09-01-2025. |
| 3. | Submission of EMD, Tender fee and other documents required as per Financial and Experience criteria by Regd. Post / Speed Post. | 23-01-2025 up to 18:00 hrs |
| 4. | Opening of online tender (Tech. Bid) | 24-01-2025 up to 18:00 hrs |
| 5. | Verification of submitted documents (EMD, e-Tender fee, etc.) | 27-01-2025 (If possible) |
| 6. | Agency to remain present in person along with original documents for verification | 29-01-2025 (If possible) |
| 7. | Opening of Price Bid (If possible) | 01-02-2025 (If possible) |
| 8. | Bid Validity | 120 days. |
| For further particulars, visit us on (1) www.rmctender.nprocure.com (2)www.rmc.gov.in | | |

The bidder can pay Tender fee and EMD in form of Demand Draft or NEFT/RTGS or Online Transfer.

If Bidder submit Demand Draft by physical submission then must be accompanied by a EMD of Rs. 28,000/- as well as e-tender fee (non-refundable) of amount of Rs.1875/- in favor of Municipal Commissioner, Rajkot Municipal Corporation, Rajkot, from any Nationalized Bank or as per Finance Department, GR No.- FD/MSM/e-file/4/2023/4020/DMO, Dt.11/03/2024 and must be delivered within seven days from the last day of submission of bid on address below by RPAD only:

Deputy Executive Engineer (Ele.)
Central Zone O & M Cell, Water Management Unit,
Room No.-6, Central Zone Office,

Dr. Ambedkar Bhavan, Dhebarbhai Road,
Rajkot Municipal Corporation,
Rajkot-360 001.

EMD and Tender fee can also submit through NEFT / RTGS / ONLINE Transfer Payable at RMC bank account details are given below.

| **RMC Account Details :-** | | | |
|---|---|---|---|
| A/C No. | 015305010638 | Bank Name: | ICICI BANK |
| IFSC Code: | ICIC0000153 | Branch: | JAY HIND PRESS |

## CHECKLIST FOR SUBMISSION OF DOCUMENTS (ONLINE AND OFFLINE)

| Sr. No. | Document Name | Online Submission | Offline Submission |
|---|---|---|---|
| 1 | Tender Fee | Scan Image of DD or Online Payment Receipt | Original DD or Online Payment Receipt |
| 2 | EMD | Scan Image of DD or Online Payment Receipt | Original DD or Online Payment Receipt |
| 3 | Tender Documents (Technical bid, Price Bid and Corrigendum) | Scan Copy with duly sign and stamp of Agency | ----- |
| 4 | GST No. Details | Scan Copy | ----- |
| 5 | PAN No. Details | Scan Copy | ----- |
| 6 | PF and ESIC Details | Scan Copy | ----- |
| 7 | Professional Tax Details - Enrollment certificate(Firm) and Registration certificate (Employee) | Scan Copy | ----- |
| 8 | R&B Electrical Class Registration Certificate | Scan Copy | ----- |
| 9 | Work Experience Certificate | Scan Copy | ----- |
| 10 | HT & LT Repairing & Maintenance Work Certificate | Scan Copy | ----- |
| 11 | Current Electrical Contractor License | Scan Copy | ----- |
| 12 | CA Turnover Certificate (Turnover Details of last seven years) | Scan Copy | ----- |
| 13 | Working Capital Certificate | Scan Copy | ----- |
| 14 | No Blacklist Affidavit on Rs. 300/- Stamp Paper with notarized as per tender format | Scan Copy | ----- |
| 15 | Power of Attorney (if Applicable) | Scan Copy | ----- |

2. The pre-qualification / Technical bid & Price bid documents will be made available on www.rmctender.nprocure.com and can be downloaded and rates are to be submitted online only in the given format within the prescribed date and time.

3. The Pre-qualification document & tender document duly filled **(except rates)** along with Business Address proof and Identity proof (**Documents mentioned in above check list only**) for verifications will have to be submitted to the Deputy Executive Engineer (Ele.) Central Zone O & M Cell, Water Management Unit, Room No.-6, Central Zone Office. Dr. Ambedkar Bhavan, Dhebarbhai Road, Rajkot Municipal Corporation, Rajkot-360 001, by Regd. Post only, on or before the prescribed date and time.

4. The agency shall have to submit documentary evidence related to Financial as well as Experience Criteria and other required documents at the time of submission of documents on or before the stipulated date, failing which, their offer will be treated non responsive and Price Bid will not be opened.

5. After preliminary scrutiny & tech bid evaluation of the documents presented to concern officer, the Price Bid of only qualified bidders shall be opened.

6. Commissioner, Rajkot Municipal Corporation, Rajkot, reserves the right to accept / reject any or all e-tender(s) without assigning any reasons thereof.

7. The prequalification requirement is as under:

❖ **Financial Criteria:**

1. The bidder must have achieved a minimum annual turnover in any year over the last seven financial year of the annual value of contract period. i.e. Rs.14,00,000/-

2. The Bidder should have liquid assets (Aggregate of working capital, cash in hand & uncommitted bank guarantees) and/or credit facility equal to 25% of the contract value. i.e. Rs.3,50,000/-

3. Class of Registration: Registration certificate of Class "E-2" or above in Government Department.

4. Enhancement factor at 10% per year for last seven years will be applicable to arrive average annual turnover and finalize the magnitude of work done in last seven years.

5. Available bid capacity must be more than the tender amount.
Available Bid capacity – ABC shall be find out by the following method.
ABC is calculated as ABC = ABC 2*A*N-B

A = Maximum value of works executed in any one year during the last seven year (updated to present price level by applying enhancement factor) taking into account the completed as well as work in progress.

N = Number of years prescribed for completion of the works for which tender are invited.

B = Value (present price level by applying enhancement factor) of existing commitments and on-going works to be completed during that next N year (period of completion of the works for which the tender are invited)

6. The agency should not be Black Listed/Debar/Terminated anywhere in India, for which, agency will have to submit fresh Notarized Affidavit on Rs.300/- judicial stamp paper. (Draft of such matter is attached in the tender)

❖ **Experience Criteria:**

The bidder should posses following minimum experience:

1. Agency have to submit work completion certificate or substantially completed work certificate or 3(A) form of work completed by him for the 40% of Contract value i.e. Rs.5,60,000/- within the last seven years.

2. Substantially completed works means those works which are at least 90% completed as on the date of submission (i.e. gross value of work done up to the last date of submission is 90% or more of the original contract price) and continuing satisfactorily.

3. Agency must have certificate regarding completion of HT, LT PANEL maintenance or repairing work.

4. Agency must have completed work as mention above in Govt. or Semi Govt. as a main contractor. Private work completion certificate or sub late certificate will not be considered.

❖ **Terms and Conditions:**

1. Agency must have enough tools and experienced manpower to handle HT, LT Panel and Electrical Installation.

2. Agency must have done above work individual. Joint venture or MOU is not permitted.

3. In case of operation and maintenance of pumping station, Experience of operation and maintenance of any pumping station will not be considered as work experience. Only comprehensive operation and maintenance of any pumping station/STP/filter plant will be considered.

4. Agency must have electrical contractor license of recent year.

5. Tenderer has to submit tender documents online at www.rmctender.nprocure.com. No correspondence to agency shall be done for shortfall document.

6. Conditional tender are liable to be rejected.

7. The successful bidder shall have to pay the security deposit amounting to Rs.1,40,000/- in favour of "Rajkot Municipal Corporation" in terms of Fixed Deposit Receipt of Nationalized Bank or as per Finance Department, GR No.-FD/MSM/e-file/4/2023/4020/DMO, Dt.11/03/2024 valid for the period of 26 Months.

   If the contract price offered by the selected bidder is lower than 10% but up to 20% of the estimated project Cost than the additional performance security shall be calculated @20% of the difference in the Estimated Project Cost minus 10% of the Estimated Project Cost and Contract Price offered by the selected Bidder.

If the contract price offered by the selected bidder is lower than 20% of the Estimated project Cost than the additional performance security shall be calculated @30% of the difference in the Estimated Project Cost minus 10% of the Estimated Project Cost and Contract Price offered by the selected Bidder.

The Additional Performance Security shall be treated as part of the Performance Security. The Performance Security shall be valid beyond 60 days of the defect liability period and the additional Performance Security shall be valid beyond 28 days of Project completion Date.

Enter into an agreement on stamp paper as per prevailing norms. It shall be incumbent on the Contractor to pay the stamp duty and the legal charges for the preparation of the contract agreement.

8. The Jurisdiction will be Rajkot City only.

9. Commissioner, Rajkot Municipal Corporation, Rajkot, reserves the right to accept / reject any or all e-Tender(s) without assigning any reasons thereof.

Add. City Engineer
Rajkot Municipal Corporation

## રાજકોટ મહાનગરપાલિકા
## વોટર મેનેજમેન્ટ યુનીટ

### :: ટેન્ડર ભરનારની વિગત ::

કામનું નામ:- મહાનગરપાલિકા હસ્તકના ફિલ્ટર પ્લાન્ટ, સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા વોટર મેનેજમેન્ટ અને ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશનોમાં ઈલેકટ્રીકલ રીપેરીંગ તથા ઈલેકટ્રીકલ માલ સામાન સપ્લાય કરવાના કામો માટે દ્વિ-વાર્ષીક રેઈટ કોન્ટ્રાકટ

૧. અર્નેસ્ટ મની :

૨. ટેન્ડર ફી :

૩. એજન્સીનું નામ :

૪. એજન્સીની ઓફીસની વિગત

અ) સરનામુ :

બ) ટેલીફોન નં. :

ક) પ્રકાર : ૧) માલિકઃ ......................., ૨) ભાડુઆત.................................

૫. સાક્ષી

અ) નામ :

બ) ધંધો :

ક) સરનામુ :

૬. કામની મુદત : ૨ વર્ષ

૭. ઈલેકટ્રીકલ કોન્ટ્રાકટર લાયસન્સ નંબર :

૮. શોપ લાયસન્સ નંબર :

૯. સર્વીસ ટેક્ષ રજીસ્ટ્રેશન નંબર :

૧૦. ઈન્કમ ટેક્ષ પાન નંબર :

૧૧. પાન નંબર :

૧૨. જી.એસ.ટી. નંબર :

૧૩. બેન્ક એકાઉન્ટની વિગત :

૧૪. પ્રોફેશનલ ટેક્ષની વિગત (EC & RC) :

૧૫. અર્નેસ્ટ મની ડીપોઝીટની વિગત :

એજન્સીના સહી તથા સિકકાઃ

**રાજકોટ મહાનગરપાલિકા**
**વોટર મેનેજમેન્ટ યુનીટ**

❖ **<u>પ્રિકવોલીફીકેશન અને બીડ ઇવેલ્યુએશન માટેના ક્રાઇટેરીયા :</u>**

૧. એજન્સી રાજકોટ સ્થિત હોવી જોઈએ અથવા રાજકોટ મહાનગરપાલિકાની હદથી ૧૦ કિમીના અંતરમાં ઓફીસ ધરાવતી હોવી જોઇએ.

❖ **<u>અનુભવનું પ્રમાણ ::</u>**

૧. એજન્સીએ પુર્ણ કરેલા કામનું સક્ષમ અધિકારીનું વર્ક કમ્પ્લીશન સર્ટીફીકેટ અથવા ૩(એ) ફોર્મ અનુભવ તરીકે ગણાશે. વર્ક ઓર્ડરને કામના અનુભવ તરીકે ગણવામાં આવશે નહી.
૨. એચ.ટી., એલ.ટી. તેમજ ઇલેક્ટ્રીકલ પેનલનું મેઇન્ટેનન્સ અથવા રીપેરીંગ કામ કરેલ કામનું પ્રમાણપત્ર હોવુ ફરજીયાત છે.
૩. ઉપરોક્ત પ્રકારના ઇલેક્ટ્રીકલ કામ સરકારી કે અર્ધસરકારી સંસ્થામાં કરેલ હોવુ જોઇએ. ખાનગી સંસ્થાનું પ્રમાણપત્ર માન્ય રહેશે નહી.
૪. એજન્સીએ એચ.ટી., એલ.ટી. તેમજ ઇલેક્ટ્રીકલ પેનલના કામ માટે જરૂરી એજન્સીના સ્ટાફ તેમજ એજન્સી પાસે ઉપલબ્ધ તમામ પ્રકારના વિધુત ઉપકરણો તેમજ ટુલ્સ કીટનું લીસ્ટ સાથે જોડવાનું રહેશે.
૫. એજન્સીએ સ્વતંત્ર રીતે કામ કરેલ હોવુ જરૂરી છે. સંયુક્ત રીતે કરેલ કામ માન્ય ગણાશે નહી.
૬. સરકારી કે અર્ધસરકારી સંસ્થાના સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ પેટામાં કરેલ કામનું પ્રમાણપત્ર માન્ય રાખવામાં આવશે નહી.
૭. એજન્સીએ સંબંધિત સરકારી સંસ્થામાં રજીસ્ટ્રેશન થયેલ ચાલુ સાલનું ઇલેક્ટ્રીકલ કોન્ટ્રાક્ટર લાયસન્સ રજુ કરવાનું રહેશે.

| | | | |
|---|---|---|---|
| **ના.કા.ઇ.** | **ના.કા.ઇ.** | **ના.કા.ઇ.** | **ના.કા.ઇ.** |
| **ઓ. & એમ. સેલ** | **ઓ. & એમ. સેલ** | **ઓ. & એમ. સેલ** | **ઓ. & એમ. સેલ** |
| **ડ્રેનેજ** | **વે.ઝો. (વો.મે.)** | **સે.ઝો. (વો.મે.)** | **ઇ.ઝો. (વો.મે.)** |

એડી. સીટી એન્જીનીયર
વોટર મેનેજમેન્ટ યુનીટ

**રાજકોટ મહાનગરપાલિકા**

**વોટર વર્કસ શાખા**

:: સામાન્ય શરતો ::

૧. સંયુકત ઉપક્રમ તથા એમ.ઓ.યુ. ને માન્ય રાખવામાં આવશે નહી.

૨. ટેન્ડરમાં માંગ્યા મુજબની સંપૂર્ણ માહિતી આપવામાં આવેલ હશે તો જ ટેન્ડર માન્ય રાખવામાં આવશે. માંગ્યા સિવાયની માહિતી ધ્યાને લેવામાં આવશે નહીં.

૩. પરિશિષ્ટ-એ તથા પરિશિષ્ટ-બી માં માંગ્યા મુજબની તમામ વિગતો પુરી ભરેલ નહી હોય અથવા તો અધુરી ભરેલ હશે તો ટેન્ડર માન્ય રાખવામાં આવશે નહી.

૪. ટેન્ડરમાં દર્શાવેલ શરતો ટેન્ડર ભરનાર એજન્સીને બંધનકર્તા છે. શરતોમાં બાંધ-છોડ અથવા પોતાની શરતો દર્શાવતા ટેન્ડરને માન્ય રાખવામાં આવશે નહી.

૫. ટેન્ડરમાં માંગ્યા મુજબ લાયકાતના ધોરણો અને વિગતોની સાપેક્ષમાં એજન્સી દ્વારા આપેલ માહિતીનું પૃથ્થકરણ કરવામાં આવશે.

૬. ટેન્ડર ભરનાર એજન્સીઓએ માંગ્યા મુજબના દસ્તાવેજો (ટેકનીકલ બીડ સાથે) રજુ કરેલ હશે તેમજ નિયત ધારા ધોરણ મુજબ જે એજન્સી કવોલીફાઈડ થશે તેઓના જ ભાવપત્રક ખોલવામાં આવશે.

૭. ટેન્ડર ભરનાર એજન્સીની પોતાની દુકાન / ઓફીસ રાજકોટ મહાનગરપાલિકાની હદથી ૧૦ કિમીના અંતરમાં ઓફીસ ધરાવતી હોવી જોઇએ. જેના આધારો ટેકનીકલ બીડ સાથે રજુ કરવાના રહેશે.

૮. એજન્સી ઉપરોકત તમામ રીતે કવોલીફાય થયેલ હોય, પરંતુ ટેન્ડરમાં બીન જરૂરી, ખોટી કે ગેરમાર્ગે દોરનારી વિગતો ભરેલ હશે કે સાથે જોડેલ હશે તો એજન્સીને ડીસકવોલીફાય કરવામાં આવશે.

૯. ટેન્ડરમાં ભરેલી માહિતી તેમજ ટેન્ડર સાથે રજુ કરેલા પ્રમાણપત્રોના આધાર મુજબ જ ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાશે અને જે એજન્સીના ભાવો માન્ય રાખવામાં આવશે તે એજન્સી સાથે કરાર થશે.

૧૦. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા માંગવામાં આવે તો એજન્સીએ વધારાની માહિતી પુરી પાડવાની રહેશે.

૧૧. ટેન્ડર ભરનાર એજન્સીએ તેઓની ટેકનીકલ તેમજ આર્થિક વિગતો ટેન્ડરમાં આપેલ ફોર્મેટ મુજબ જ ભરવી.

૧૨. આર્થિક, ટેકનીકલ, અનુભવનું પ્રમાણપત્ર, રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ વિગેરે વિગતો ચકાસવામાં આવશે.

૧૩. ટેકનીકલ બીડ ખોલવાના સમયે એજન્સીએ જરૂર પડયે અસલ પ્રમાણપત્રો રજુ કરવાના રહેશે.

૧૪. ભાવ ભરનાર બીડરના / ભાવ ભરનાર એજન્સીના નામના જ અનુભવના પ્રમાણપત્રો માન્ય રાખવામાં આવશે. અન્ય કોઈ વ્યક્તિગત નામના અનુભવના પ્રમાણપત્રો માન્ય રાખવામાં આવશે નહી.

૧૫. એજન્સીએ ટેકનીકલ બીડ સાથે રજુ કરેલા તમામ પ્રમાણપત્રોની નકલમાં દરેક પાના ઉપર સહી તથા સકકો લગાવીને ટેન્ડર રજુ કરવાનું રહેશે.

૧૬. હાલ એજન્સી દ્વારા રાજકોટ મહાનગરપાલિકામાં જો કામગીરી ચાલુ હોય તો કામગીરીની વિગત અચુક આપવાની રહેશે (Annexure-D મુજબ).

૧૭. ઝોનમાં જણાવ્યા સિવાય અન્ય સ્થળ પર કામગીરી કરવાની જરૂરીયાત જણાશે તો જે તે ઝોનના એન્જીનીયર સુચવે તે મુજબ કામગીરી કરી આપવાની રહેશે. આ માટેનું ચુકવણું જે ઝોનમાં કામ કરશે તે ઝોનનાં મંજૂર થયેલ ભાવ મુજબ કરવામાં આવશે.

૧૮. કામગીરીની અગત્યતા તથા ચોકસાઇને લક્ષમાં લઇ ના.કા.ઇ. શ્રી પોતાના ઝોનના મંજુર થયેલ ભાવ પ્રમાણે અન્ય ઝોનના કોન્ટ્રાકટર પાસે કામ કરાવી શકશે. તેમાં જે તે ઝોનના કોન્ટ્રાકટર કોઇપણ પ્રકારનો દાવો કે વિરોધ કરી શકશે નહી.

૧૯. નિયત સમયમાં ટેકનીકલ બીડ તથા પ્રાઈસ બીડ ઓન-લાઈન ભરીને ટેકનીકલ બીડનું સબમીશન કરવાનું રહેશે.

૨૦. રીપેરીંગ / જોબ કામ માટેના ભાવ ઉપરાંત પ્રવર્તમાન GST અલગથી ચુકવવામાં આવશે. આ સિવાય કોન્ટ્રાકટની મુદત દરમીયાન અન્ય કોઇ ટેક્ષ અલગથી ચુકવવામાં આવશે નહી.

૨૧. આ કામગીરી માટે એક એજન્સીને વધુમાં વધુ બે ઝોનની કામગીરી ફાળવી શકાશે.

૨૨. ટેન્ડર વેલીડીટી સમય ટેકનીકલ બીડ ખુલ્યાના છેલ્લા દિવસથી ૧૨૦ દિવસ સુધીની રહેશે.

૨૩. વાદ-વિવાદ માટે ફક્ત રાજકોટ જુરીડીક્શન રહેશે.

૨૪. કોન્ટ્રકટરનાં કોઈ પણ કર્મચારી મહાનગરપાલિકાના કર્મચારી ગણાશે નહી. તેમજ તે મુજબના કોઈ હકક દાવા રજુ કરી શકશે નહી. જે અંગેની સંપુર્ણ જવાબદારી સંબધિત કોન્ટ્રાકટરની રહેશે.

૨૫. ભાવ ભરનાર એજન્સી પાસે ટેલીફોન તથા મોબાઈલ ફોન હોવા આવશ્યક છે. જેના નંબર અલગથી ટેન્ડર સાથે આપવા. મોબાઈલ ફોન અથવા વર્કશોપના ફોન બદલાઈ જાય તેવા સંજોગોમાં તાત્કાલીક નવા નંબરો સંબંધક અધિકારીને આપવા.

૨૬. રેઈટ કોન્ટ્રાક્ટની મુદત દરમિયાન કોઈ પણ પ્રકારના પ્રશ્ન અંગે કાર્યપાલક ઈજનેરશ્રી / એડી. સીટી એન્જીનીયરશ્રી / સીટી એન્જીનીયરશ્રી નો નિર્ણય આખરી રહેશે.

૨૭. દ્વિ-વાર્ષિક રેઈટ કોન્ટ્રાકટની મુદત દરમિયાન વોટર મેનેજમેન્ટ યુનીટના ઝોન કે વિભાગમાં નવા પમ્પીંગ સ્ટેશન, ફિલ્ટર પ્લાન્ટ, સ્વીમીંગ પુલ કે એસ.ટી.પી. ચાલુ થશે તો તેનો સમાવેશ ચાલુ કોન્ટ્રાકટમાં ગણવામાં આવશે.

૨૮. ઉપરોકત જનરલ સમજુતી સીવાય ટેન્ડરમાં આપેલ શરતોને આધીન રહીને કામ કરવાનું રહેશે.

ઉપર મુજબની તમામ સામાન્ય શરતો અમોએ વાંચી સમજીને આ નીચે સહી કરી આપી છે જે અમોને કબુલ મંજુર છે.

કોન્ટ્રાકટરની સહી તથા સીકકો

| | | | |
|---|---|---|---|
| **ના.કા.ઇ.** | **ના.કા.ઇ.** | **ના.કા.ઇ.** | **ના.કા.ઇ.** |
| **ઓ. & એમ. સેલ** | **ઓ. & એમ. સેલ** | **ઓ. & એમ. સેલ** | **ઓ. & એમ. સેલ** |
| **ડ્રેનેજ** | **વે.ઝો. (વો.મે.)** | **સે.ઝો. (વો.મે.)** | **ઇ.ઝો. (વો.મે.)** |

એડી. સીટી એન્જીનીયર
વોટર મેનેજમેન્ટ યુનીટ

**રાજકોટ મહાનગરપાલિકા**

**વોટર વર્કસ શાખા**

:: ખાસ શરતો ::

૧. જે પાર્ટીના ભાવ મંજુર થશે તે પાર્ટીએ ધોરણસરની સીકયોરીટી ડીપોઝીટ પેટે રાજકોટ મહાનગરપાલિકાની ફેવરમાં નેશનલાઈઝ અથવા શિડ્યુલ બેંક (એટેચ કરેલ જી.આર. મુજબ)ની રૂ. ૧,૪૦,૦૦૦/-ની સીક્યોરીટી ડીપોઝીટની (૨૬ માસની મુદતની) રસીદ અત્રે જમા કરાવી ધોરણસરના રૂા. ૩૦૦/- ના સ્ટેમ્પ પેપર પર અથવા ફ્રેન્કીંગ દ્વારા નિયત કરવામાં આવેલ કરાર કરી આપવાના રહેશે. જો સીક્યોરીટી ડીપોઝીટ એજન્સી દ્વારા બેંક ગરેંટી સ્વરૂપે આપવામાં આવશે તો કોન્ટ્રાકટની સ્ટેમ્પ ડ્યુટી રૂ. ૩૦૦/- ની રહેશે પરંતુ જો એજન્સી દ્વારા સીક્યોરીટી ડીપોઝીટ FDR સ્વરૂપે આપવામાં આવશે તો કરારની સ્ટેમ્પ ડ્યુટી રૂ. ૬૮૬૦/- (સીક્યોરીટી ડીપોઝીટ ના ૪.૯ %) ની રહેશે. જો એજન્સી દ્વારા ભાવો ઓન/લેસ ભરવામાં આવશે તો સીક્યોરીટી ડીપોઝીટની રકમમાં ફેરફાર થશે.

૨. ઈલેકટ્રીકલ કામગીરી દરમિયાન કામ કરતા સ્ટાફને અકસ્માતે કાંઈપણ શારીરિક નુકશાન કે ઈજા થાય તો તેની તમામ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. કામ કરતા કર્મચારીનો નિયમાનુસારનો વિમો ઉતરાવવાનો રહેશે. જે અંગેના પોલીસી સર્ટીફીકેટ અત્રેથી માંગવામાં આવે ત્યારે રજુ કરવાનું રહેશે.

૩. કામગીરી માટે સાઈટ પર ફીટ કરવામાં આવેલ ગેન્ટ્રી તથા ચેઈનપુલી બ્લોકનો ઉપયોગ મહાનગરપાલિકા તરફથી કરવા દેવામાં આવશે. બાકી તમામ જરૂરી ટુલ્સ, ટેકલ્સની વ્યવસ્થા કોન્ટ્રાકટરશ્રીએ કરવાની રહેશે.

૪. કામગીરી દરમીયાન કોન્ટ્રાકટરશ્રીના ટુલ્સ ટેકલ્સ ઈનટેક વેલમાં / બોરમાં પડી જશે તો તે અંગેની સંપુર્ણ જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની રહેશે.

૫. આ પ્રકારની કામગીરી આવશ્યક સેવા અંતર્ગત હોય જરૂરીયાતને ધ્યાને લઈ ફરજ ઉપરના કર્મચારી કે અધિકારી જાણ કરે ત્યારે તાકીદના ધોરણે કામ ચાલુ કરવાનું રહેશે અને કામગીરી માટે કોન્ટ્રાકટરશ્રીએ પોતાના અને રા.મ.ન.પા.ના અધિકારીશ્રીઓને સાઈટ પર જવા-આવવાની વ્યવસ્થા કરવાની રહેશે. જો મહાનગરપાલિકાનું વાહન ઉપલબ્ધ હશે તો આપવામાં આવશે.

૬. કોઈ પણ પ્રકારના ફોલ્ટ રીપેરીંગની ટેલીફોન દ્વારા જાણ સંબંધીત ઈન્ચાર્જ એન્જીનીયર દ્વારા કરવામાં આવે એટલે એજન્સીએ ઈમરજન્સી ધોરણે રીપેરીંગ કામ કરી આપવાનું રહેશે તેમજ તેનો વર્ક ઓર્ડર તુરંત જ મેળવી લેવાનો રહેશે.

૭. રૂટીન મેઈન્ટેનન્સ, ફોલ્ટ ફાઈન્ડીંગ તેમજ રીપેરીંગ માટે જરૂરી જીગ્સ એન્ડ ફીકસચર્સ (લાગલુગ), ટુલ કીટ, મેગર, તમામ મીટર્સ તેમજ તમામ જરૂરી વિદ્યુત ઉપકરણો એજન્સીએ પોતાના રાખવાના રહેશે.

૮. ઈલેકટ્રીકલ રીપેરીંગ બાદ સંતોષકારક ટેસ્ટીંગ આપવાનું રહેશે. આ ટેસ્ટીંગ દરમ્યાન જો કોઈ પણ ઈલેકટ્રીકલ યુનિટને નુકશાન / અકસ્માત થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે એજન્સીની રહેશે તેમજ નુકસાન થયેલ ઈલેકટ્રીકલ યુનિટને રીપેર કરી આપવાનું રહેશે. આ અંગે અલગથી કોઈ ચુકવણું કરવામાં આવશે નહી.

૯. ઈલેકટ્રીકલ રીપેરીંગ કામ દરમીયાન કોઈ પણ પાર્ટસમાં નુકશાની થશે તે જે તે એજન્સીએ પોતાના ખર્ચે રીપેર કરી આપવાનું થશે અથવા પાર્ટસ નવા ખરીદી કરી ફીટીંગ કરી આપવાના થશે.

૧૦. કોઈ પણ પ્રકારના રીપેરીંગ કામે એજન્સી તરફથી નવા નાખવામાં આવેલ સ્પેર પાર્ટસની સામે જુના નીકળેલા માલ કે સ્પેર પાર્ટ મહાનગરપાલિકાને એજન્સી દ્વારા પરત આપવાના રહેશે નહી.

૧૧. ટુ-પોલ, ફોર-પોલ સ્ટ્રકચર તેમજ એચ.ટી. લાઈન તેમજ કોઈ પણ ઈલેકટ્રીક કામગીરી કરતા સમયે કામદારોએ સેફ્ટી સાધનો પહેરીને કરવાના રહેશે, જેની પુષ્ટિ એજન્સીના સાઇટ સુપરવાઇઝર દ્વારા કરવાની રહેશે. ઇલેક્ટ્રીકલ રીપેરીંગ/મેઇન્ટેનન્સ કામ કરતા સમયે કોઈ પણ જાતનો અકસ્માત કે જાનહાની થાય તેની સંપૂર્ણ જવાબદારી એજન્સીની રહેશે. HT કે LT રીપેરીંગ કે મેઇન્ટેનન્સ કામ કરવા સમયે જો PGVCL ના પાવર શટ ડાઉનની જરૂર પડે તો PGVCL પાસેથી નિયમાનુસાર લાઇન ક્લીયરન્સ લઇને કામગીરી કરવાની રહેશે.

૧૨. ટ્રાન્સફોર્મર રીવાઇન્ડીંગ કામ કર્યા બાદ સાઇટ પર ઇન્સ્ટોલેશન થયાના ૬ માસ સુધીમાં એજન્સીની વર્કમેનશીપના કારણે ટ્રાન્સફોર્મરમાં ફોલ્ટ ઉદભવે અથવા તો ટ્રાન્સફોર્મર રીવાઇન્ડીંગ કરવાનું થાય તો એજન્સીએ કરી આપવાનું રહેશે. તેનું અલગથી ચુકવણું કરવામાં આવશે નહિ.

૧૩. વોટર મેનેજમેન્ટ યુનીટની કામગીરી આવશ્યક સેવા અંતર્ગત આવતી હોય, કોઈ પણ સીઝનમાં ગમે તે સમયે જયારે પણ જવાબદાર અધિકારીશ્રી તરફથી ફોન દ્વારા કોઈ પણ પ્રકારના ઈલેકટ્રીકલ રીપેરીંગ કામે બોલાવવામાં આવે તેવા સમયે એજન્સીએ તુરંત જ પોતાના સ્ટાફ દ્વારા ઈલેકટ્રીકલ રીપેરીંગ કામ હાથ ધરવુ. આવા સમયે મોડુ થવાથી શહેરજનોને સુવિધામાં તકલીફ થશે તો તે બાબતની ગંભીરતાને ધ્યાને લઇ મહાનગરપાલિકાના નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

૧૪. વોટર મેનેજમેન્ટ યુનીટના ફિલ્ટર પ્લાન્ટ, એસ.ટી.પી., પમ્પીંગ સ્ટેશનો કે સ્વીમીંગ પુલ પર કોઈ પણ પ્રકારનું ઈલેકટ્રીકલ રીપેરીંગ કરવા બાબતે એજન્સીના કોઈ પણ પ્રકારના વાંધાને ધ્યાને લેવામાં આવશે નહી.

૧૫. કોઈ પણ ઈલેકટ્રીકલ રીપેરીંગ કામ બાબતે એજન્સીને જોઈતી માહીતી સંબંધીત કર્મચારી / અધિકારીશ્રી પાસે પ્રાપ્ત હશે તો આપવામાં આવશે.

૧૬. આ કામે મટીરીયલ તથા કામગીરીનો સમાવેશ પરિશિષ્ટ-એ અથવા પરિશિષ્ટ-બી માં થતો ન હોય તેવા કિસ્સામાં રા.મ.ન.પા.ના અન્ય આર.સી. તેમજ સરકારી સંસ્થા જેવી કે GWSSB / R&B / PGVCL ના હયાત એસ.ઓ.આર. મુજબ કામગીરી કરાવી શકાશે અને જો તેમાં પણ સમાવેશ થતો ન હોય તેવા કિસ્સામાં સક્ષમ અધિકારીશ્રીની મંજુરી મેળવી માર્કેટ રેઈટ મુજબ ઈલેકટ્રીકલ માલ સામાન સપ્લાય તથા રીપેરીંગની કામગીરી એજન્સીએ કરવાની રહેશે. જેમાં એજન્સીએ ભરેલ વધુ કે ઓછા ભાવો લાગુ પડશે નહી.

૧૭. જો કોઇ કંપનીનું કે કોઇ સ્પેશીયલ આઇટમનું પ્રાઇઝ લીસ્ટ ન હોય તો મૂળ કંપનીમાંથી કે તેના ઓથોરાઇઝડ ડીલર પાસેથી જે તે આઇટમનું ક્વોટેશન મંગાવી, તે મુજબ ચુકવણું કરવામાં આવશે.

૧૮. એજન્સીએ નિયમ મુજબ લેવાના થતા હોય તેવા પી.એફ. સર્ટીફીકેટ/ ESIC / લેબર લાયસન્સ મેળવવાની જવાબદારી જે તે એજન્સીની રહેશે.

૧૯. કામ માટેની જાણ એન્જીનીયર અથવા તેઓના ટેકનીકલ કર્મચારી દ્વારા પ્રથમ ટેલીફોનીક દ્વારા કરવામાં આવશે. કામ ખંતથી કરવુ જોઈએ અને કરેલુ સઘળુ કામ કારીગરની રીતે કરેલુ હોવુ જોઈએ. ટેન્ડર રજુ કરનાર શખ્સ / શખ્સો જે માલ સામાન વાપરે તે ઓરીજીનલ કંપનીનો ઉત્તમ પ્રકારનો હોવો જોઈએ અને તેની સંપૂર્ણ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. લેખીત તેમજ મૌખીક સુચના તેમજ નોટીસ આપવા છતાં પણ કામની ગતી કે ઝડપ વધારવામાં નહી આવે તો કમિશનરશ્રીને કાન્ટ્રાક્ટ રદ કરવાનો અધિકાર રહેશે.

૨૦. જો કોન્ટ્રાક્ટરની બેદરકારીને કારણે કોઈ પણ પમ્પીંગ સ્ટેશન ઉપર રીપેરીંગમાં વિલંબ થશે તો કામગીરીની અગત્યતા / ઈમરજન્સીમાં લઈ નિયમાનુસાર પેનલ્ટી વસુલ કરવામાં આવશે જે અંગે એડી. સીટી એન્જીનીયરશ્રી / કાર્યપાલક ઈજનેરશ્રીનો નિર્ણય આખરી ગણાશે, જે કોન્ટ્રાક્ટરને બંધનકર્તા રહેશે.

૨૧. કામ ઉપર કોન્ટ્રાકટરે પોતે અથવા તેના વતી જવાબદાર માણસને હાજર રાખવાનો રહેશે. કામ પુરુ થયા બાદ એજન્સી ના સુપરવાઇઝર દ્વારા થયેલ કામની વિગત ઇલે. રેઇટ કોન્ટ્રાકટ મુજબ ચકાસીને ચલણ/બીલ રજુ કરવાનું રહેશે.

૨૨. વર્ક ઓર્ડર મળે તુરંત જ કામ ચાલુ કરવાનું છે. ઓર્ડરમાં જણાવેલ મુદત દરમીયાન કામગીરી કરવાની છે. જો મુદત દરમીયાન સુચના પ્રમાણે કામ કરવામાં નહી આવે તો શ્રી કમિશનર સાહેબને

યોગ્ય લાગશે તો કોન્ટ્રાક્ટરના ખર્ચે અને જોખમે અન્ય કોન્ટ્રાક્ટર પાસે અગર તો ખાતા મારફત કામ પુરૂ કરાવાશે. અને આમ બાકી રહેતુ કામ પુરૂ કરવામાં મહાનગરપાલિકાને કોન્ટ્રાક્ટ એગ્રીમેન્ટ કરતા જો વધુ ખર્ચ થશે તો તે કોન્ટ્રાક્ટર પાસેથી કાયદેસર રીતે આ વધારાનો ખર્ચ વસુલ કરવામાં આવશે તથા તેની સીકયોરીટી ડીપોઝીટ જપ્ત કરી શકાશે. શ્રી કમિશ્નર સાહેબને જો યોગ્ય લાગશે તો વિશેષ મુદત માટે કોન્ટ્રાક્ટર પાસેથી કામ ચાલુ રખાવી શકશે અને તેની મુદત સંજોગોને લક્ષમાં રાખીને વધારી આપશે. જે એજન્સીને બંધનકર્તા રહેશે.

૨૩. વર્ક ઓર્ડરમાં જણાવ્યા તારીખે કામ પુરૂ કરવા કોન્ટ્રાક્ટર નિષ્ફળ જાય તો નિયમાનુસાર પેનલ્ટી વસુલ કરવામાં આવશે. જો મહાનગરપાલિકાને કારણે સંજોગો અનુસાર કામ બંધ રહે તો જેટલા દિવસ કામ બંધ રહે તેટલા દિવસની મુદત નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી દ્વારા આપવામાં આવશે **અથવા** તો કોઈ અનિવાર્ય કારણસર કામ બંધ રહે તો તેની જાણ લેખીતમાં કોન્ટ્રાક્ટરે મહાનગરપાલિકાના ઈજનેરને કરવાની રહે છે અને જો વ્યાજબી કારણ લાગશે તો વધારાની મુદત આપવા માટે એડી. સીટી એન્જીનીયરશ્રી / સીટી એન્જીનીયરશ્રી / કાર્યપાલક ઈજનેરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

૨૪. કામગીરી દરમ્યાન માલ સામાન નડતરરૂપ ન થાય તે રીતે કામગીરી કરવાની છે.

૨૫. ટેન્ડર સ્વીકારવામાં આવે અને અત્રેથી જાણ કરવામાં આવે ત્યાર બાદ સાત વર્કીંગ દિવસની અંદર સીકયોરીટી ડીપોઝીટ માટે રકમ ભરી આપવાની રહેશે. તેમજ નિયમાનુસાર કરારનામુ કરવાનું રહેશે. જો આમ કરવામાં ટેન્ડર ભરનાર એજન્સી નાકામીયાબ નીવડશે તો તેણે ભરેલ અર્નેષ્ટ મનીની રકમ જપ્ત કરવામાં આવશે અને તે એજન્સીના ખર્ચે અને જોખમે ફરીથી ટેન્ડરની માંગણી કરવામાં આવશે.

૨૬. કોન્ટ્રાકટરે અઢાર વર્ષથી ઓછી ઉમરનાં કોઈ વ્યક્તિને કામે લગાડવા નહી. તેમજ કોન્ટ્રાક્ટર તરફથી રાખવામાં આવેલ કોઈપણ સ્કીલ્ડ કે અનસ્કીલ્ડ કર્મચારીની વર્તણુક વ્યવહાર યોગ્ય નહી જણાય તો આવા કર્મચારીને નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી / કાર્યપાલક ઈજનેરશ્રી / એડી. સીટી એન્જીનીયરશ્રી / સીટી એન્જીનીયર (સ્પે.)શ્રી મૌખીક કે લેખીત સુચના આપે તે પ્રમાણે કામ ઉપરથી દુર કરવાના રહેશે. અને જે કર્મચારીને રાખવાની એડી. સીટી એન્જીનીયરશ્રી / કાર્યપાલક ઇજનેર શ્રી મનાઈ કરે તે કર્મચારીને રાખવાના રહેશે નહી.

૨૭. કોન્ટ્રાક્ટરના કામદારોએ નિયમાનુસાર તમામ સેફ્ટી કીટ અને સાધનો સાથે જ સાઇટ પર કામગીરી કરવાની રહેશે, જેની એજન્સીના સુપરવાઇઝરએ પુષ્ટિ કરવાની રહેશે. એજન્સીએ પોતાના કામદારોને થયેલ ઈજા કે અકસ્માત માટે તેને કંઈ વળતર આપવું પડે તો તે માટે તમામ રીતે કોન્ટ્રાક્ટર જવાબદાર રહેશે. કામે રાખનાર કર્મચારીનો રાષ્ટ્રીયકૃત કંપનીનો વિમો ઉતારવાનો રહેશે.

૨૮. વર્ક ઓર્ડર આપી કામમાં ચાલુ કામે અન્ય આસામીઓની મિલ્કતને અગર જાનમાલને કોઈપણ નુકશાન થશે તો તેની તમામ જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની રહેશે. અને તે માટે કોઈપણ વળતરની રકમ ચુકવવાની થાય તો તે કોન્ટ્રાક્ટરે ભરી આપવાની રહેશે. જો કોન્ટ્રાક્ટર અમલ ન કરે તો તેવા વળતર વિગેરેની રકમ તેના બીલોમાંથી / સીકયુરીટી ડીપોઝીટમાંથી કાપી લેવામાં આવશે.

૨૯. કોઈપણ કારણોસર કોન્ટ્રાક્ટર ટેન્ડરમાં દર્શાવેલ કામ કરવા અશકિતમાન થશે તો મહાનગરપાલિકા તેના ખર્ચે અને જોખમે આ કામ પુરૂ કરાવશે. અને આમ કરતા ટેન્ડરમાં જણાવેલ ભાવ કરતા વધારે ખર્ચ થશે તો મહાનગરપાલિકા કોન્ટ્રાકટરની સીકયોરીટીમાંથી કે સાઈટ ઉપર પડેલા માલ સામાનની હરરાજી કરી ખર્ચ વસુલ કરી શકશે અને તેમ કરતાં કોન્ટ્રાકટરનો કોઈપણ વાંધો કે હકક રહેશે નહી.

૩૦. આ કામનો કોઈપણ ભાગ સંતોષકારક રીતે કોન્ટ્રાકટર નહી કરે તો મહાનગરપાલિકાનાં ઈજનેર તેઓને કામ સુધારવા નોટીસ આપશે. મુદત વિત્યા બાદ મહાનગરપાલિકાનાં ઈજનેર કોન્ટ્રાકટરના ખર્ચે અને જોખમે માણસો રાખી તેમજ માલ સામાન ખરીદી કામ કરવાની કાર્યવાહી કરશે અને કોન્ટ્રાકટર પાસેથી ખર્ચ વસુલી કરશે. આ કામ નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી / કાર્યપાલક ઈજનેરશ્રી / એડી. સીટી એન્જીનીયરશ્રી / સીટી એન્જીનીયરશ્રી બીજા કોન્ટ્રાકટર પાસે પણ કરાવી શકશે.

૩૧. વોટર મેનેજમેન્ટ યુનીટ એ રાજકોટ મહાનગરપાલિકાની આવશ્યક સેવાઓમાંની એક હોઇ એજન્સીએ રાત્રી સમયે અને તહેવારો દરમીયાન પણ ફોલ્ટ સમયે સાઇટ ઇજનેરને જરૂર જણાયે કામ કરવાનું રહેશે. જો એજન્સી આવા જરૂરીયાતના સમયે કામ કરવામાં અથવા સાઇટ પર હાજર થવામાં નિષ્ફળ જશે તો આ બાબત ગંભીર ગણવામાં આવશે અને નિયમાનુસાર પેનલ્ટી કરવામાં આવશે.

૩૨. રાત્રી સમયે અથવા તહેવારો દરમીયાન રાજકોટ મહાનગરપાલિકાની સેવાઓ ખોરંભે ન પડે તે માટે એજન્સી દ્વારા કરેલ કામગીરીનું ચુકવણું એજન્સીને ઇલે. રેઇટ કોન્ટ્રાકટમાં દર્શાવેલ ભાવો મુજબ જ કરવામાં આવશે, આવા કિસ્સામાં કોઇપણ વધારાનું ચુકવણું કરવામાં આવશે નહી.

૩૩. VFDમાં જરૂરી માલ-સામાન બદલવાની પરીસ્થિતિમાં બદલવાનો થતો માલ-સામાન (ઇલેક્ટ્રોનીક્સ કાર્ડ તથા ઇલેક્ટ્રોનીક્સ ડીવાઇસીસ) VFDના ઓરીજીનલ મેઇકનો નાખવાનો રહેશે તથા તેનું ચુકવણું કંપનીના પ્રાઇઝ-લીસ્ટ મુજબ કરવામાં આવશે. તેના પર લાગતો ટેક્ષ રા.મ.ન.પા.એ ચુકવવાનો રહેશે. આવા સંજોગોમાં VFD ચાલુ થયા બાદ ૨૪ કલાક સફળ ટ્રાયલ રન બાદ માલ-સામાનનું ચુકવણું કરવામાં આવશે. VFDના રીપેરીંગ /ટેસ્ટીંગ દરમીયાન જો કોઇપણ ઇલેક્ટ્રોનીક્સ કાર્ડ તથા ઇલેક્ટ્રોનીક્સ ડીવાઇસીસ ફોલ્ટી થયે એજન્સી એ OK કરી આપવાનું રહેશે. જેનુ અલગથી ચુકવણું કરવામાં આવશે નહી.

૩૪. VFDમાં જો ઓરીજીનલ મેઇકના ઇલેક્ટ્રોનીક્સ કાર્ડ તથા ઇલેક્ટ્રોનીક્સ ડીવાઇસીસ ને બદલે તેની સમકક્ષ ઇલેક્ટ્રોનીક્સ કાર્ડ તથા ઇલેક્ટ્રોનીક્સ ડીવાઇસીસ ઉપયોગ થઇ શકે તેમ હોય તેવા સંજોગોમાં સાઇટ એન્જીનીયરનો નિર્ણય આખરી રહેશે.

૩૫. એજન્સીએ સપ્લાય કરવાના થતા કોઇપણ મટીરીયલ્સને સુચના મુજબના ફિલ્ટર પ્લાન્ટ / સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ / પમ્પીંગ સ્ટેશન / લગત સાઇટ પર પહોંચાડવાની રહેશે.

૩૬. એજન્સીએ સપ્લાય કરેલ મટીરીયલ્સની વોરંટી તેની મુળ ઉત્પાદક કંપની દ્વારા નકકી થયેલ પોલીસી અને સમયગાળા મુજબ આપવાની રહેશે. જેમાં વોરંટી પીરીયડ એજન્સી રાજકોટ મહાનગરપાલિકાને મટીરીયલ્સ સપ્લાય કરશે તે સમયથી ગણવામાં આવશે.

૩૭. ઇન્ડકશન મોટર, ઓપનવેલ સબમર્શીબલ મોટર, મોનોબ્લોક પંપ, પોલ્ડર પંપ, એસ.સી.એફ. પંપ, વગેરે જેવી મશીનરીની ખરીદી આ રેઇટ કોન્ટ્રાક્ટ અન્વયે કરવાની થાય તો રૂ. ૫,૦૦,૦૦૦/- થી વધુ રકમની ખરીદી માટે એજન્સીએ ૫% સીક્યુરીટી ડીપોઝીટ ૧ વર્ષ માટે જમા કરાવવાની રહેશે.

૩૮. રાજકોટ મહાનગરપાલિકાના કોઇપણ ઝોનમાં જો અન્ય ઝોનની એજન્સી દ્વારા સુચના મુજબ કામગીરી કરવાની થશે તો કામ થનાર ઝોનના ઓન/લેસ ભાવ લાગુ પડશે.

૩૯. પરિશિષ્ટ-એ ને ટેન્ડરના ઓન/લેસ લાગુ પડશે નહી.

૪૦. સરકારશ્રીના નિયમાનુસાર રેઇટ કોન્ટ્રાક્ટ અન્વયે એજન્સીએ કરેલ કામનું GST સાથેનું ઇનવોઇસ રજુ કરવાનું રહેશે. એજન્સીને લાગુ પડતા **GST નું ચુકવણુ અલગથી આપવામાં આવશે.** પરિશિષ્ટ - બી મુજબની કામગીરી અંતર્ગત પરિશિષ્ટ-બી માં દર્શાવ્યા મુજબના ભાવો ઉપરાંત GST નું અલગથી ચુકવણુ કરવામાં આવશે.

૪૧. પરિશિષ્ટ-એ ની વિગતે દર્શાવેલ કંપની પૈકી કોઈ પણ કંપનીનો માલ વાપરવાનો થાય ત્યારે કંપનીના પ્રાઈઝ લીસ્ટ ઉપર પરિશિષ્ટ-એ મુજબ ચુકવણુ કરવામાં આવશે. કંપનીનું પ્રાઇઝ લીસ્ટ MRP માં હશે તો GST અલગથી આપવામાં આવશે નહી. પરંતુ જો કંપનીનું પ્રાઇઝ લીસ્ટ List Price(LP)માં હશે તો List Price(LP)માં દર્શાવ્યા પ્રમાણે અલગથી GST આપવામાં આવશે. તેમાં એજન્સી દ્વારા ભરવામાં આવેલ વધુ / ઓછા ભાવ લાગુ પડશે નહીં.

૪૨. ઉપરોકત જનરલ સમજુતી સિવાય ટેન્ડરમાં આપેલ અન્ય તમામ શરતોને આધિન રહીને કામ કરી આપવાનું રહેશે.

ઉપર મુજબની તમામ ખાસ શરતો અમોએ વાંચી સમજીને આ નીચે સહી કરી આપી છે જે અમોને કબુલ મંજુર છે.

કોન્ટ્રાકટરની સહી તથા સીકકો

| | | | |
|---|---|---|---|
| **ના.કા.ઇ.** | **ના.કા.ઇ.** | **ના.કા.ઇ.** | **ના.કા.ઇ.** |
| **ઓ. & એમ. સેલ** | **ઓ. & એમ. સેલ** | **ઓ. & એમ. સેલ** | **ઓ. & એમ. સેલ** |
| **ડ્રેનેજ** | **વે.ઝો. (વો.મે.)** | **સે.ઝો. (વો.મે.)** | **ઇ.ઝો. (વો.મે.)** |

એડી. સીટી એન્જીનીયર
વોટર મેનેજમેન્ટ યુનીટ

**રાજકોટ મહાનગરપાલિકા**

**વોટર મેનેજમેન્ટ યુનીટ**

:: સ્કીલ્ડ, સેમીસ્કીલ્ડ, અનસ્કીલ્ડ મેનપાવર સપ્લાય માટેની ખાસ શરતો ::

૧. ફિલ્ટર પ્લાન્ટ, પમ્પીંગ સ્ટેશનો કે સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ પર ઇલેક્ટ્રીકલ કામને લગત અથવા અન્ય કોઇ કામગીરી માટે મેનપાવરની જરૂરીયાત ઉપસ્થિત થાય તો એજન્સીએ જરૂરીયાત મુજબ સ્કીલ્ડ, સેમીસ્કીલ્ડ કે અનસ્કીલ્ડ મેનપાવર સપ્લાય કરવાના રહેશે. જેનું ચુકવણું પ્રવર્તમાન લઘુતમ વેતન ધારાથી નક્કી થયેલ દર + ૧૫% કોન્ટ્રાકટરનો નફો, એ મુજબ સક્ષમ અધિકારીની મંજુરી મેળવી ચુકવવામાં આવશે. જેમાં એજન્સીએ ભરેલા ઓન/લેસ ભાવ લાગુ પડશે નહી.

૨. ફિલ્ટર પ્લાન્ટ પર પૂરા પાડવામાં આવેલ વાયરમેન / ઇલેક્ટ્રીશીયનને ઔધોગીક તાલીમ સંસ્થા (I.T.I.) માંથી વાયરમેન / ઇલેક્ટ્રીશીયન ટ્રેડ પાસ કરેલ હોવું જોઇએ.

૩. એજન્સીએ પૂરા પાડેલ વાયરમેન / ઇલેક્ટ્રીશીયન ને DO સ્ટીક, હેન્ડ ગ્લવ્ઝ, સેફ્ટી સુઝ, હેલ્મેટ તેમજ ઇલેકટ્રીકલ કામ માટેના જરૂરી ટુલ્સ એજન્સીએ પૂરા પાડવાના રહેશે.

૪. એજન્સીએ પૂરા પાડેલ વાયરમેન / ઇલેકટ્રીશીયન ઇલેક્ટ્રીકલ રીપેરીંગ કામગીરી દરમીયાન કોઇપણ અકસ્માત થશે તો તેની બધી જ જવાબદારી એજન્સીની રહેશે. મહાનગરપાલિકાની કોઈ જવાબદારી રહેશે નહી.

૫. એજન્સીએ પૂરા પાડેલ મેનપાવર(સ્કીલ્ડ, સેમીસ્કીલ્ડ કે અનસ્કીલ્ડ) માટે નિયમ મુજબ લેવાના થતા પી.એફ. સર્ટીફીકેટ, ESIC, એક્સિડેન્ટલ ઇન્સ્યોરન્સ તથા લેબર લાયસન્સ વગેરે મેળવવાની જવાબદારી જે તે એજન્સીની રહેશે.

૬. એજન્સી દ્વારા સપ્લાય કરવામાં આવેલ મેનપાવર પૂર્વ મંજુરી વગર ગેરહાજર રહેશે તો નીચે મુજબ પેનલ્ટી કરવામાં આવશે.

સ્કીલ્ડ મેનપાવર - પ્રવર્તમાન લઘુતમ વેતન + રૂ.૫૦૦/-

સેમીસ્કીલ્ડ મેનપાવર - પ્રવર્તમાન લઘુતમ વેતન + રૂ.૪૫૦/-

અનસ્કીલ્ડ મેનપાવર - પ્રવર્તમાન લઘુતમ વેતન + રૂ.૪૦૦/-

ઉપર મુજબની તમામ મેનપાવર સપ્લાય માટેની ખાસ શરતો અમોએ વાંચી સમજીને આ નીચે સહી કરી આપી છે જે અમોને કબુલ મંજુર છે.

| | | | |
|---|---|---|---|
| ના.કા.ઇ. | ના.કા.ઇ. | ના.કા.ઇ. | ના.કા.ઇ. |
| ઓ. & એમ. સેલ | ઓ. & એમ. સેલ | ઓ. & એમ. સેલ | ઓ. & એમ. સેલ |
| ડ્રેનેજ | વે.ઝો. (વો.મે.) | સે.ઝો. (વો.મે.) | ઇ.ઝો. (વો.મે.) |

એડી. સીટી એન્જીનીયર
વોટર મેનેજમેન્ટ યુનીટ

# ANNEXURE-A

## વિદ્યુત ઉપકરણોની વિગત

| ક્રમ | ઉપકરણનું નામ | સંખ્યા | મેઈક | ચાલુ / બંધ |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

કોન્ટ્રાકટરની સહી તથા સીકકો

# ANNEXURE-B

## સરકારી / અર્ધ-સરકારી સંસ્થામાં કરેલા ઈલેકટ્રીકલ કામની માહીતી

| ક્રમ | કામની વિગત | કામની કિંમત | સંસ્થાનું નામ | કામનો સમયગાળો |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

**કોન્ટ્રાકટરની સહી તથા સીકકો**

# ANNEXURE-C

## એજન્સી હસ્તકના સ્ટાફની વિગત

| ક્રમ | નામ | લાયકાત | અનુભવની વિગત |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |

# ANNEXURE-D

## એજન્સી દ્વારા હાલમાં રાજકોટ મહાનગરપાલિકામાં ચાલુ કામની વિગત

| ક્રમ | નામ | ચાલુ કામની વિગત | ચાલુ કામની શાખા |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |

કોન્ટ્રાકટરની સહી તથા સીકકો

R.M.C./C./૬૩૨

કમિશ્નર વિભાગ,
રાજકોટ મહાનગર સેવાસદન
તા. ૧૦/૬/૨૦૧૩

<u>હુકમ :–</u>

**વિષયઃ–** **ઈ–ટેન્ડર / ઓપન ટેન્ડર પધ્ધતિથી મંગાવવામાં આવતી તમામ પ્રકારની ઓફરો સાથે <u>બિનઅધિકૃત રજુ થતાં ડોકયુમેન્ટસ સામે કડક કાર્યવાહી હાથ ધરવા બાબત</u>.**
**સંદર્ભ :–** <u>આ અગાઉનાં પરીપત્ર નં. આર.એમ.સી./સી./૩૨૯, તા.૨૨/૧૨/૨૦૧૨.</u>

રાજકોટ મહાનગર સેવાસદનના ત્રણ ઝોનનાં તમામ વોર્ડમાં શહેરનાં વિકાસ તથા જાળવણી માટે વિવિધ કામગીરી કરાવવા ઈ–ટેન્ડર / ઓપન ટેન્ડર પધ્ધતિથી અલગ–અલગ એજન્સીઓ પાસેથી સ્પર્ધાત્મક ધોરણે અખબારી પ્રસિધ્ધિથી ભાવો ટુ બીડ સીસ્ટમ (૧) ટેકનીકલ બીડ (૨) પ્રાઈઝ બીડ થી મંગાવવામાં આવે છે.

સંદર્ભના પ્રસિધ્ધ કરેલ પરીપત્ર મુજબ તમામ ઈ–ટેન્ડર / ઓપન ટેન્ડરથી મંગાવવામાં આવતાં ભાવો સાથે ભાવ ભરનાર એજન્સીઓ / બીડરો દ્વારા ટેન્ડર બીડ માટે રજુ કરવાનાં થતાં તમામ ડોકયુમેન્ટસ ફરજીયાતપણે ખરી નકલમાં અથવા સેલ્ફ એટેસ્ટેડ રજુ કરવા આદેશ કરવામાં આવેલ છે. જે સંબંધે નીચે મુજબનાં હુકમની અમલવારી તાત્કાલીક અસરથી કરવા આદેશ કરવામાં આવે છે.

(૧) તમામ ટેન્ડરકામોના ટેકનીકલ બીડ ઓપન કરતી વખતે જે ટેન્ડર બીડ ભરનાર એજન્સીઓ દ્વારા તમામ ડોકયુમેન્ટસ કે તે પૈકી કોઈપણ એક ડોકયુમેન્ટસ ખરી નકલમાં અથવા સેલ્ફ એટેસ્ટેડ રજુ કરેલ ન હોય તો રજુ થયેલ ટેકનીકલ બીડ ઓપન કરવાની કાર્યવાહી દરમ્યાન ટેકનીકલ બીડ ઓપન કરનાર સંબંધીત અધિકારીશ્રી / કર્મચારીશ્રીએ Disqualify પ્રકારનો રબ્બર સ્ટેમ્પ બિનઅધિકૃત રજુ થયેલ ટેન્ડરનાં તમામ પાને લગાવી ટેકનીકલ બીડમાં ટેન્ડર Disqualify ફરજીયાતપણે કરવાનું રહેશે.

જે ટેન્ડર ખરી નકલ કે સેલ્ફ એટેસ્ટેડ સાથે રજુ થયેલ નથી, તેવું ટેકનીકલ બીડમાં ધ્યાને આવ્યેથી રજુ થયેલ ટેન્ડરને Disqualify ન કરી, તે બીડરનું જો પ્રાઈઝ બીડ ખોલવામાં આવશે તો આવા પ્રાઈઝ બીડ ખોલનાર તમામ સંબંધીત અધિકારીશ્રી / કર્મચારીશ્રી સામે સખત શિક્ષાત્મક પગલાં લેવાની ફરજ પડશે.

(૨) તમામ ટેન્ડરોનાં કિસ્સાઓમાં સંબંધીત ખરી નકલમાં રજુ થયેલ તમામ ડોકયુમેન્ટસની મુળ (ઓરીજીનલ)નકલ મંગાવી તેની ખરી નકલની ચકાસણી ફરજીયાતપણે સંબંધીત ડી.ઈ.ઈ.શ્રી તથા મ.ઈ.શ્રી / અ.મ.ઈ.શ્રીએ કરવાની રહેશે. **<u>જે મુળ નકલ સાથે વેરીફાય કર્યાની સહી ફરજીયાતપણે દરેક ખરી નકલમાં સંબંધીત ડી.ઈ.ઈ.શ્રી / મ.ઈ.શ્રી / અ.મ.ઈ.શ્રીએ કરવાની રહેશે. તે પહેલાં તે ટેન્ડરની પ્રાઈઝ બીડ ઓપન કરી શકાશે નહી.</u>** જેમાં ફરજચૂક થયેથી સંબંધીત જવાબદાર ડી.ઈ.ઈ.શ્રી / મ.ઈ.શ્રી / અ.મ.ઈ.શ્રી ની સામે કડક ખાતાકીય પગલાં લેવાની ફરજ પડશે.

(૩) ક્રમ નં.(૧) તથા (૨) મુજબની ચકાસણી કરવા છતાં જે કિસ્સામાં ટેકનીકલ બીડ ઓપન કરતાં બીડર દ્વારા કોઈપણ પ્રકારનાં ફ્રોડ ડોકયુમેન્ટસ રજુ કરી કામ મેળવવા માટે પ્રયાસ કર્યાનું સાબિત થશે, તેવા કિસ્સામાં બીડર / એજન્સીને બ્લેકલીસ્ટ કરી, આવા બીડર સામે ફરજીયાતપણે ફોજદારી કાર્યવાહી સંબંધીત શાખાના વડા તથા વીજીલન્સ અધિકારીશ્રી (પ્રોટેકશન) દ્વારા જોઈન્ટલી દિન–૭ માં કરવા આદેશ કરવામાં આવે છે. જેની લેખિતમાં

જાણ તાત્કાલીક અત્રે કરવાની રહેશે. જેમાં ચૂક થયેથી સંબંધીત તમામ અધિકારીશ્રી / કર્મચારીશ્રી સામે કડક પગલાં લેવા ફરજ પડશે.

(૪) સંદર્ભનો પરીપત્ર તથા આ હુકમ તમામ પ્રકારનાં ટેકનીકલ કામના દરેક ટેન્ડર પ્રસિધ્ધ કરતી વખતે ટેન્ડરનો હિસ્સો ગણી ટેન્ડરના ભાગ્ર તરીકે પ્રસિધ્ધ કરવાનું ફરજીયાત રહેશે, તથા બીડર દ્વારા ટેન્ડરમાં પ્રસિધ્ધ થતાં સંદર્ભનાં પરીપત્ર તથા આ હુકમનાં દરેક પાને સહી સિકકા સાથે ભરેલ ટેન્ડરની ટેકનીકલ બીડ ફરજીયાત રજુ કરવાની રહેશે.

ઉપરોક્ત હુકમનો તાત્કાલીક અસરથી ચુસ્તપણે અમલ કરવા આદેશ કરવામાં આવે છે.

10/6.
કમિશ્નર
રાજકોટ મહાનગર સેવાસદન

<u>નકલ રવાના (જાણ અર્થે):–</u>
નાયબ કમિશ્નરશ્રીઓ (તમામ)

**<u>નકલ જાણ તથા અમલવારી અર્થે</u> :–**
(૧) સહાયક કમિશ્નરશ્રીઓ (તમામ)
(૨) શાખાધિકારીશ્રીઓ (તમામ)

આર.એમ.સી./સી. ૩૨૮

રાજકોટ મહાનગરપાલિકા
કમિશનર વિભાગ
તા.૨૨/૧૨/૨૦૧૨

**પરિપત્ર:-**

ઇ-ટેન્ડર પદ્ધતિ / ઓપન ટેન્ડર પદ્ધતિથી માંગવામાં આવતી ઓફરોમાં એજન્સીઓ દ્વારા ટેકનીકલ બીડમાં રજુ કરવામાં આવતા ડોક્યુમેન્ટ્સ જેવા કે ટર્નઓવર, અનુભવના પ્રમાણપત્રો વિગેરે ખરી નકલમાં રજૂ કરવામાં આવતા નથી. આથી હવે પછીથી એજન્સીઓ દ્વારા રજૂ થતાં ટેકનીકલ બીડમાં રજુ કરવામાં આવતા ડોક્યુમેન્ટ્સ ખરી નકલમાં અથવા સેલ્ફ એટેસ્ટેડ હોવા જરૂરી છે તેમજ જે એજન્સીનું ટેન્ડર ટેકનીકલ બીડમાં ક્વોલીફાય થાય અને ખરી નકલ ગેઝેટેડ ઓફીસર મારફત પ્રમાણિત કરાવેલ ન હોય તેવા કેસમાં તેના ઓરીજીનલ ડોક્યુમેન્ટ્સ પ્રાઇસબીડ ખોલતા પહેલા ચકાસી અને ખરી નકલ રજૂ કરાવીને જ ખોલવાના રહેશે તથા આ બાબતનું શાખાધિકારીશ્રીઓએ ચુસ્તપણે પાલન કરાવવાનું રહેશે. આમ ન થયેથી પુરતી ચકાસણીને અભાવે જો કોઇ એજન્સીને ખોટા કે અધુરા આધારો સાથે કામ આપવાની ક્ષતિજનક બાબત જાણમાં આવ્યે તે ટેન્ડર ડોક્યુમેન્ટ્સની ચકાસણી કરનાર કર્મચારીશ્રીઓ તેમજ શાખાધિકારીશ્રીની જવાબદારી નક્કી કરવામાં આવશે, જેની સર્વે શાખાધિકારીશ્રીઓએ નોંધ લેવી.

ઉપરોક્ત બાબતનો અમલ તાત્કાલિક અસરથી કરવો.

૨૨/૧૨
કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

**નકલ રવાના :- (જાણ અર્થે)**
- નાયબ કમિશનરશ્રીઓ (તમામ)

**નકલ જાણ તથા અમલવારી અર્થે :-**
- સહાયક કમિશનરશ્રીઓ (તમામ)
- શાખાધિકારીશ્રીઓ (તમામ)

રા.મ.ન.પા./લીગલ/જા.નં. ૬૮૫૯

રાજકોટ મહાનગરપાલિકા

લીગલ શાખા

તા.૬/૨/૨૦૧૭

હુકમ:

વંચાણે : લીગલ ફાઇલ નં.૩૭૧/૨૦૧૬-૧૭

રાજકોટ મહાનગરપાલિકાની કામગીરી માટે જુદી-જુદી શાખાઓ દ્વારા કામગીરીના પ્રકારને ધ્યાને લઇ નિયમ અનુસારની પ્રક્રિયા અનુસરીને એજન્સી/સપ્લાયર/કોન્ટ્રાક્ટર સાથે જોગવાઇઓ અન્વયે કરાર કરવામાં આવે છે. મહાનગરપાલિકાની કામગીરી સંદર્ભે તૈયાર કરવામાં આવતા ટેન્ડર/કરારનામામાં વખતો વખતની જરૂરીયાતને ધ્યાને લઇ આર્બીટ્રેશન (Arbitration) ની જોગવાઇઓનો સમાવેશ કરવામાં આવેલ છે.

રાજકોટ મહાનગરપાલિકાની કામગીરી માટે કરવામાં આવેલ કરારનામાની શરતો અનુસંધાને અમુક એજન્સી/સપ્લાયર/કોન્ટ્રાક્ટર દ્વારા છેલ્લા કેટલાક વર્ષોથી નામદાર હાઇકોર્ટ સમક્ષ આર્બીટ્રેટરશ્રીની નિયુક્તિ અંગે પીટીશનો કરવામાં આવે છે. જેના કારણે મહાનગરપાલિકાની કામગીરીના ભારણમાં વધારો થયેલ છે, અને સબંધિત અધિકારીશ્રીઓને વારંવાર અમદાવાદ ખાતે હાજર રહેવુ પડતુ હોય તેના કારણે અગત્યના પ્રોજેક્ટો સહીત કચેરીની કામગીરી તેમજ પ્રજાકીય કામો ઉપર વિપરીત અસર થવા પામેલ છે. તેમજ અરજદારોને હેરાન થવું પડે છે. આ અંગે કાયદાકીય શાખાના અભિપ્રાય અને પ્રકરણની વિગતો જોતા આ કામે વૈકલ્પિક ઉપાય (alternate remedy) ઉપલબ્ધ હોય મહાનગરપાલિકાના ટેન્ડર/કરારનામામાં આર્બીટ્રેશનની જોગવાઇઓને સામેલ કરવાનું ઉચીત જણાતું નથી.

આથી " રાજકોટ મહાનગરપાલિકાના કામે કરવામાં આવતા ટેન્ડર ડોક્યુમેન્ટ અને કરારનામામાં આર્બીટ્રેશન (Arbitration) ને લગત જોગવાઇઓ દુર કરવાનો." અને તેના બદલે "ટેન્ડરની શરત/કરારનામાની શરતના અર્થઘટન સંદર્ભે મહાનગરપાલિકાના કમિશનરશ્રીનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે," અને "ટેન્ડરની/કરારનામાની શરતો અંગે કોઇ પણ બાબતે વિવાદ ઉપસ્થિત થયે રાજકોટની દિવાની અદાલતની હકુમત રહેશે," તેવી શરતોનો મહાનગરપાલિકાના કામ અર્થે તૈયાર કરવામાં આવતા તમામ કામગીરીના પરિપત્રો/ટેન્ડર ડોક્યુમેન્ટ તેમજ કરારનામામાં સમાવેશ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

આ હુકમનો અમલ તાત્કાલિક અસરથી ચુસ્તપણે કરવો.

કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

2

નકલ રવાના જાણ અર્થે : નાયબ કમિશનરશ્રી (તમામ)

નકલ રવાના જરૂરી કાર્યવાહી અર્થે : તમામ શાખાધિકારીશ્રીઓ

C-150

રાજકોટ મહાનગરપાલિકા

હિસાબી શાખા

તા. /૦૫/૨૦૧૮

જા.નં.-૧૧૯૯

પરિપત્ર :

વિષય : વેન્ડર રજીસ્ટ્રેશન અને પેમેન્ટ બિલ બાબત.

રાજકોટ મહાનગરપાલિકાના એજન્સીઓ / પાર્ટીઓ / વેન્ડર્સના પરમેનન્ટ વેન્ડર્સ રજીસ્ટ્રેશન હિસાબી શાખા દ્વારા કરવામાં આવે છે. વેન્ડર રજીસ્ટ્રેશનમાં બેંક ડીટેઈલ, પાન નંબર, જી.એસ.ટી. નંબર વગેરે જેવી અગત્યની બાબતો હોય આ તમામ બાબતો (૧) રેઈટ કોન્ટ્રાક્ટના ઠરાવ તેમજ એગ્રીમેન્ટ સ્પષ્ટ દર્શાવવાની રહેશે (૨) જોબ રેઈટ કોન્ટ્રાક્ટ / ટેન્ડર વખતે ઠરાવ, હુકમ અને એગ્રીમેન્ટમાં દર્શાવવાની રહેશે. (૩) એગ્રીમેન્ટ સિવાયના કિસ્સામાં હુકમ/ઠરાવ થી સુપરત કરવાનો થાય છે.

પરમેનન્ટ વેન્ડર રજીસ્ટ્રેશન તેમજ તેના સુધારા સમયે વેન્ડર ફોર્મ જરૂરી ડિપાર્ટમેન્ટ સાથે ઉપરોક્ત વિગતો અંગેનું એગ્રીમેન્ટ/ઠરાવ લગત શાખા અધિકારીશ્રી દ્વારા સર્ટિફાઈડ કરી મોકલવાનું રહેશે તેમજ આ વિગતોને આધારે બેંક પેમેન્ટ, ટી.ડી.એસ. અને જી.એસ.ટી. રિટર્ન ફાઈલ થતા હોય આ બાબતે સંપૂર્ણ જવાબદારી લગત શાખા અધિકારીશ્રીની રહેશે.

આ ઉપરાંત પાર્ટી/એજન્સીઓના બિલ – પેમેન્ટ વાઉચર બનાવતી વખતે પાર્ટીનું નામ, બેંક ડીટેઈલ, પાન અને જી.એસ.ટી.નંબર બિલ વાઉચર અને વેન્ડર / પાર્ટી સિલેક્શનમાં ચેક કરી બાદ જ લગત શાખા દ્વારા પેમેન્ટ અર્થે આગળની કાર્યવાહી માટે ઓડિટ અને હિસાબી શાખામાં મોકલવું તેમજ આ બાબતમાં કોઈ પણ પ્રકારની ભૂલ થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે શાખા દ્વારા બિલ બનાવવામાં આવેલ હોય તેના શાખા અધિકારીશ્રીની રહેશે.

સહી/-

નાયબ કમિશનર

રાજકોટ મહાનગરપાલિકા

નકલ રવાના અર્થે:

તરફ : તમામ શાખા અધિકારીશ્રી

RMC Branch - / Outward No.-

# Rajkot Municipal Corporation

ACCOUNT DEPARTMENT
ROOM NO.4 2ND FLOOR ,
DR.AMBEDKAR BHAVAN, DHEBAR ROAD, RAJKOT 360001

## VENDOR REGISTRATION FORM (From 29.04.2024 onwards)

| | | | |
|---|---|---|---|
| PARTY NAME | | | |
| AUTHORIZED PERSON NAME | | ADDRESS | |
| EMAIL | | WEBSITE | |
| CONTACT PHONE 1 | | CONTACT PHONE 2 | |
| WORK DETAIL (ATTACH COPY OF WORKORDER) | | | |
| PAN | | GST NO | |
| ESIC NO. | | EPF NO. | |
| PROFESSIONAL TAX RC NO | | PROFESSIONAL TAX EC NO | |

**BANKING INFORMATION (attach copy of cancelled cheque/Passbook/Bank statement )**

| | | | |
|---|---|---|---|
| BANK NAME | | BRANCH NAME | |
| MICR CODE | | IFSC CODE | |
| ACCOUNT NUMBER | | ACCOUNT TYPE | |

**BRANCH CERTIFICATION**

TO,
THE CHIEF ACCOUNTANT
RAJKOT MUNICIPAL CORPORATION

THE ABOVE MENTIONED DETAILS FOR VENDOR REGISTRATION HAS BEEN VERIFIED WITH ORIGINAL BY US & FOUND CORRECT. ALL SUPPORTING DOCUMENTS IS ALSO ATTACHED HEREWITH.

SIGN
NAME
DESIGNATION
DEPARTMENT NAME

C-3

Note: The Declaration submitted earlier to this office will not be considered as such a fresh Declaration shall have to be done as on the milestone dates of this tender document

**(Declaration To be submitted on Non-Judicial Stamp Paper of Rs.300/-)**

**DECLARATION**

I / We hereby declare that I/ We am/ are not partner(s) black listed / Terminated / Debarred or connected with firm black listed in any States, CPWD / MES / Railways or any Government, Semi-Government, Autonomous Body or Private body. Also, no complaint is lodged against the Firm / Company.

At present I / We am/are registered as approved contractor(s), firms in ____ State, CPWD/MES/Railways.

We, the partners/ owners of this firm, hereby give an undertaking that we are jointly and severally responsible to meet all the liabilities ever and above the business of this firm and make good the above financial loss sustained by the Rajkot Municipal Corporation as a result of our abandoning the works entrusted to us.

Date: **Seal and Signature of the Bidder**

રાજકોટ મહાનગરપાલિકા

હિસાબી શાખા

તા૨૦/૦૯/૨૦૧૮

---

જા. નં - ૧૬૧૧

પરિપત્ર :-

વિષય :- તા. ૦૧/૧૦/૨૦૧૮ થી જી.એસ.ટી. ટી.ડી.એસ. ની કપાત બાબત

સંદર્ભ :- (૧) GoI, MoF (Department of Revenue) Central Board Indirect Taxes and Customs Notification No. 50/2018-Central Tax

(૨) GoG, Finance Department Notification No. 50/2018-State Tax

ઉપરોક્ત વિષય અને સંદર્ભે ગુજરાત ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્ષ એક્ટ, ૨૦૧૭ તથા સેન્ટ્રલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્ષ એક્ટ, ૨૦૧૭ ની કલમ ૫૧ અંનુસાર *રૂ. ૨,૫૦,૦૦૦ થી વધુ રકમના વેરાપાત્ર ચીજવસ્તુઓ ખરીદે કે વેરાપાત્ર સેવાઓ કોન્ટ્રાક્ટથી મેળવે તો કુલ ૨% (બે ટકા) ટેક્ષ ડીડક્શન એટ સોર્સ (જી.એસ.ટી. ટી.ડી.એસ) કાપવાનો થાય છે.*

આમ ઉપરોક્ત બાબતો ધ્યાને લઇ વધારાની ૨% ની વધારાની નિયમો અનુસાર બિલમાંથી તા. ૦૧/૧૦/૨૦૧૮ થી જી.એસ.ટી. ટી.ડી.એસ. ની કપાત કરવાની થાય છે.

નાયબ કમિશ્નર

રાજકોટ મહાનગરપાલિકા

<u>બિડાણ</u> :- GST FAQ's

<u>નકલ સવિનય જાણ અર્થે:-</u>

(૧) માન. કમિશ્નર સાહેબશ્રી

(૨) માન. નાયબ કમિશ્નર સાહેબશ્રી, (વે.ઝોન, ઈ.ઝોન)

<u>નકલ અમલવારી અર્થે:-</u>

(૧) તમામ શાખા અધિકારીશ્રી

**Government of Gujarat**

**Finance Department**

GR. No.: FD/MSM/e-file/4/2023/4020/D.M.O.

Date: 11/03/2024

Read: FD GR. No.: FD/MSM/e-file/4/2023/0057/D.M.O. Dt. 21/04/2023

Preamble:

Tendering authorities of the State Government and its Boards/Corporations/PSUs frequently take Bank Guarantee from the bidders towards Security Deposit and Earnest Money Deposit. The State Government had issued the list of eligible banks vide above mentioned resolutions of this department dated 21/04/2023.

After careful consideration, the Government has decided to approve the list of Banks whose Bank Guarantees would be accepted for the purpose mentioned above. It has now been decided to resolve as follows:

**Resolution:**

Government Departments and State Government Boards/Corporations/PSUs would accept Bank Guarantee (towards Security Deposit and Earnest Money Deposit) issued by any of the banks included in the **Annexure I**, attached to this Resolution.

The tendering authority will be required to ascertain the authenticity of the Bank Guarantee and set up necessary internal control procedures.

By order and in the name of the Governor of Gujarat.

(Bhavya Verma)
Deputy Secretary (Budget)
Finance Department

To,

The Secretary to His Excellency Governor of Gujarat, Raj Bhavan, Gandhinagar
Principal Secretary to Hon. Chief Minister
PS to Hon. Finance Minister
PS to all Hon. Ministers, State Ministers and Deputy Ministers
PS to Chief Secretary
PS to Principal Secretary, Finance Department
PS to Secretary (EA), Finance Department
PS to Secretary (Expenditure), Finance Department
PS to Additional Secretary (B), Finance Department
All Administrative Departments, Sachivalaya, Gandhinagar
System Manager, Finance Department for put up on GSWAN website
Select File DMO-Finance Department

## Annexure I.

**Finance Department, GR. No.: FD/MSM/e-file/4/2023/4020/D.M.O.**

Date: 11/03/2024

(A) Guarantees issued by the following banks will be accepted as SD/EMD on permanent basis:

- **All Nationalized Banks**

(B) Guarantees issued by the following Banks will be accepted as SD/EMD for the period up to March 31, 2025. The validity cut-off date in the GR is with respect to the date of issue of Bank Guarantee irrespective of the date of termination of Bank Guarantee.

| Sr No | Name of Banks | Sr No | Name of Banks |
|---|---|---|---|
| 1 | AXIS Bank | 19 | Kotak Mahindra Bank |
| 2 | AU Small Finance Bank | 20 | South Indian Bank |
| 3 | Bandhan Bank | 21 | Tamilnadu Mercantile Bank |
| 4 | City Union Bank | 22 | Utkarsh Small Finance Bank |
| 5 | CSB Bank | 23 | Ahmedabad Mercantile CO-op. Bank |
| 6 | DBS Bank India Limited | 24 | Nutan Nagrik Sahkari Bank Ltd. |
| 7 | DCB Bank | 25 | Rajkot Nagarik Sahakari Bank Ltd. |
| 8 | Equitas Small Finane Bank | 26 | Saraswat Co-Operative Bank Ltd |
| 9 | FEDERAL Bank | 27 | SVC Co-Operative Bank Ltd. |
| 10 | HDFC Bank | 28 | The Cosmos Co-op Bank Ltd. |
| 11 | HSBC Bank | 29 | The Gujarat State Co-operative Bank |
| 12 | ICICI Bank | 30 | The Mehsana Urban Co-Op. Bank |
| 13 | IDBI Bank | 31 | The Surat District Co-op Bank |
| 14 | IDFC First Bank | 32 | The Surat People's Co. Op. Bank Ltd |
| 15 | IndusInd Bank | 33 | The Kalupur Commercial Co-op. Bank |
| 16 | Jana Small Finance Bank | 34 | Baroda Gujarat Gramin Bank |
| 17 | Karnataka Bank | 35 | Saurashtra Gramin Bank |
| 18 | Karur Vysya Bank | | |

**All the eligible banks are instructed to collect the original documents/papers of guarantee from the concerned tendering authority.**

**(Bhavya Verma)**
Deputy Secretary (Budget)
Finance Department

-------XXXXX-------